ગાંધીનગર સમાચાર

**સેકટરની ત્રણ ઇન્કવાયરી કચેરીઓ હવે રામભરોસે**





**અમર્યાદ દબાણ** - શહેરમાં દબાણની સમસ્યા વર્ષોથી અકબંધ રહી છે... ઝુંબેશ આવે ને જાય પણ દબાણ યથાવત રહે છે... શહેરના પોશ એરિયા સમાન સેક્ટર-૨ના મધ્યમાં આ દબાણો વર્ષો જુના છે... નથી કોઈ સમજાવી શકતું કે નથી કોઈ હટાવી શકતું... આ જ અખબારના પાના પર ત્રણ-ત્રણ વર્ષથી આ જ દબાણની તસવીરો છપાય છે છતાં તંત્રના પેટનું પાણી હાલતું નથી... સમગ્ર વિસ્તારને આ દબાણકારોએ બાનમાં લીધો હોય એવો વર્તાવ કરે છે... જાહેરમાં શૌચક્રિયાને કારણે આસપાસના રહીશો દુર્ગંધથી ત્રાહિમામ પોકારી ગયા છે... સમગ્ર વિસ્તારમાં નર્કાગારનું વાતાવરણ સર્જાયું છે... તંત્રના અધિકારીઓ એકાદ દિવસ આ વિસ્તારમાં બે-ત્રણ કલાક ગાળે તો પણ સ્થિતિની ગંભીરતાનો અહેસાસ થાય અને રહીશો કેટલા પરેશાન થઈ રહ્યા છે તેની અનુભૂતિ થાય... આગામી સાતમીથી આરંભાતી દબાણ હટાવ ઝુંબેશમાં આ સમસ્યાનો અંત આવે એવી અપેક્ષા રહીશો રાખી રહ્યા છે...

# ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ શહેર

ગાંધીનગર તા ૪

ચુંટણી પરિણામ બાદ શહેરમાં રાજકીય ગરમાવાનો માહોલ છવાયેલા છે. ત્યારે મૌસમનો મિજાજ પણ બદલાયો છે. વાતાવરણમાં ધીમે ધીમે ઠંડીનુ મોજુ ફરિ વળતા સાંજ ઢળતા જ નગરમાં ઠંડીનો ચમકારો અનુભવાતા સન્નાટો છવાઈ જાય છે. આજે પણ ઠંડીના પારો દોઢ ડીગ્રી નીચે ઉતરતા ઠુડીનુ મોજુ પ્રવર્તાયુ હતુ. લઘુત્તમ તાપમાનનો પારો ૧૦ ડીગ્રી સુધી પહોચી ગયો હતો.

**છેલ્લા એક અઠવાડીયાથી ઠંડી ગરમીની બેવડી અસરથી નગરજનો બેચેની અનુભવી રહયા હતા. ઠંડીના ચમકારાથી સાંજ ઢળતા જ માર્ગો પર સન્નાટો**

શિયાળાની ઋતુનો બિલ્લી પગે પ્રારંભ થયા બાદ છેલ્લા ઘણાં સમયથી વાતાવરણમાં ઠંડી ગરમીની મિશ્ર અસર જોવા મળતા નગરજનો ડબલ સિઝનની અસરથી પ્રભાવિત જોવા મળ્યા હતા. તાપમાનના પારાની સતત વધ ઘટ વચ્ચે વાતાવરણમાં વહેલી સવારે અને મોડી રાતે ગુલાબી ઠંડીનો અહેસાસ નગરજનો કરી રહયા હતા.જયારે ઠંડીની મૌસમનો એકધારો મિજાજ ન જળવાતા શહેરીજનો ડબલ સિઝનની અસરથી

● અનુસંધાન પાન-૭ પર





# જિલ્લામાં નોંધાયેલા મતદારો ૧૦,૯૬,૧૭૯

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલા મતદારો ૧૦ લાખ ૯૬ હજાર ૧૭૯ છે. જેમાં ૫,૬૬,૬૯૨ પુરૂષ અને ૫,૨૯,૪૭૬ મહિલા મતદારો છે.

જિલ્લામાં આજથી શરૂ થઈ રહેલ મતદારયાદી સુધારણાના કાર્યક્રમ માટે તંત્રએ તેની તૈયારીઓ કરી લીધી છે. આજે મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ પણ કરવામાં આવશે.

જિલ્લામાં સૌથી વધુ નોંધાયેલા મતદારો ગાંધીનગર (દ) બેઠક પર છે. જ્યાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૨,૭૫,૨૨૭ છે. જેમાં ૧,૪૨,૦૭૩ પુરૂષ અને ૧,૩૩,૧૫૩ મહિલા મતદારો અને ૧ અન્યનો સમાવેશ થાય છે. આ

**છેલ્લા એક વર્ષમાં ૨૬ હજાર મતદારો વધ્યા, સૌથી વધુ મતદારો ગાંધીનગર (દ) બેઠક પર સૌથી ઓછા દહેગામમાં**

વિસ્તારમાં મતદારો વધુ હોવાથી અહિ સો થી વધુ મતદાન મથકો પણ છે. અહિ ૨૮૩ મતદાન મથકો છે.

આ પછી બીજા ક્રમે ગાંધીનગર (ઉ) બેઠક આવે છે. જેમાં ૧,૧૩,૨૫૦ પુરૂષ અને ૧,૦૫,૭૪૪ મહિલા તથા અન્ય ૪ મતદારો નોંધાયેલા છે.

ત્રીજા ક્રમે કલોલ વિધાનસભા મતવિસ્તાર આવે છે. જેમાં ૨,૧૧,૨૬૧ નોંધાયેલા મતદારો છે. જેમાં ૧,૦૯,૬૧૮ પુરૂષ અને ૧,૦૧,૬૪૨ મહિલા તથા ૧ અન્ય મતદાર નોંધાયેલો છે.

માણસામાં ૨,૦૩,૮૦૦ નોંધાયેલા મતદારો છે. જેમાં ૧,૦૫,૧૫૭ પુરૂષ અને ૯૮,૬૪૩ મહિલા મતદારો છે. જિલ્લામાં સૌથી ઓછા મતદારો દહેગામ વિધાનસભા મત વિસ્તારમાં છે. જ્યાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧,૮૬,૮૯૩ છે. જેમાં ૯૬,૫૯૪ પુરૂષ અને ૯૦,૨૯૪ મહિલા મતદારો તથા અન્ય પાંચ મતદારો નોંધાયેલા છે.

જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૨૬ હજાર જેટલા મતદારો વધુ નોંધાયા છે. આ મતદાર યાદી ૧૦૦ ટકા ફોટાવાળી છે જે એક નોંધનીય ઘટના છે.

આજથી શરૂ થઈ રહેલ મતદાર સુધારણા ઝુંબેશને લઈ તંત્ર રાજકીય પક્ષો સાથે પણ બેઠક કરશે.

જિલ્લા પંચાયતની ચૂંટણીઓ સંપન્ન થઈ છે પરંતુ ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી આવી રહી હોવાથી ગાંધીનગર (ઉ)માં આ ઝુંબેશ મહત્વની પુરવાર થશે તેવા સંકેતો રાજકીય વર્તુળો આપી રહ્યા છે. આ ઝુંબેશને અંતે જે મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ થશે તેને આધાર બનાવીને જ નવુ સીમાંકન થશે તેમજ શહેરમાં કોઈ મતદારનું નામ ના રહી જાય તે માટે બન્ને પક્ષો તરફથી કાળજી લેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

# સેકટરની ત્રણ ઈન્કવાયરી કચેરીઓ હવે રામભરોસે : આઉટ સોર્સિંગનો કોન્ટ્રાકટ પુરો

ગાંધીનગર તા ૪

શહેરના સેકટરોમાં સ્થિત ઈન્કવાયરી કચેરીઓને આઉટ સોર્સિંગથી કાર્યરત કરવામાં આવી હતી. જયારે પ્રાથમિક તબક્કે સે-૧૭, ૨૧ અને સે-૨૩ની ઈન્કવાયરી કચેરીને ખાનગી એજન્સીને સોંપી કોન્ટ્રાકટરના માધ્મથી આમ નાગરિકોની ફરિયાદોનુ નિરાકરણ લાવવા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. પરંતુ આઉટ સોર્સિંગનો કોન્ટ્રાકટ પુરો થયા બાદ હાલ આ સેકટરોની ઈન્કવાયરી કચેરીઓ રામભરોસે હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. જેના પરિણામે સેકટરવાસીઓની ફરિયાદ સાંભળનાર પણ કોઈ ન હોય તેવી સ્થિતિ સર્જાય છે.

**સે-૨૩, ૨૧ અને સે-૧૭ માં રહીશોની નાની મોટી ફરિયાદોનુ નિરાકરણ આવતુ નથી વસાહતીઓને પારાવાર હાલાકી**

શહેરમાં વિવિધ કક્ષાના અંદાજિત ૧૬ હજાર જેટલા મકાનો છે. જયારે આ મકાનોની જાળવણી સહીત વસાહતીઓની નાની મોટી ફરિયાદોના નિરાકરણ માટે સેકટરોમાં ઈન્કવાયરી કચેરીઓ પણ ઉભી કરવામાં આવી છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી શહેરની ઈન્કવાયરી કચેરીઓમાં સાધનો તેમજ મેન પાવરનો અભાવ હોવાથી આમ નાગરિકોની ફરિયાદોનુ નિરાકરણ આવી શકતુ ન હતુ. જયારે માલ સામાન તેમજ સ્ટાફના અભાવના લીધે ઈન્કવાયરી કચેરી શોભના ગાઠીયા સમાન બનતા વસાહતીઓમાં પ્રબળ રોષ પ્રવર્તયો હતો.

● અનુસંધાન પાન-૭


જરૂરથી લખો તમારો પાન

ભૂમિકાઓ અનેક, લક્ષ્ય એક

રાષ્ટ્ર એક



વિશ્વ સ્તરના ભારત નિર્માણ માટે શું તમે તમારું યોગદાન આપ્યું ?

15 ડિસેમ્બર, 2015ના રોજ અથવા એ પહેલા આપનો અગ્રિમ કરની ચૂકવણી કરો

(કંપનીઓ માટે ત્રીજો હપ્તો અને અન્ય કરદાતાઓ માટે બીજો હપ્તો)

ચુકવણી કોણે કરવાની છે ?

- કોઈપણ કરદાતા, પગારદાર કર્મચારી સહિત જેઓની કર ચુકવણી પાત્રતા નાણાકીય વર્ષ માટે કપાત કરેલ / સંગ્રહિત કરેલ કર બાદ પણ રૂ. ૧૦,૦૦૦ કે તેનાથી વધુ છે.
- નિવાસી વરિષ્ઠ નાગરિક (એવી વ્યક્તિ જેઓની ઉંમર ૬૦ વર્ષ અથવા તેનાથી વધુ છે) જેઓની આવક ધંધા / વ્યવસાય થકી નથી, તેઓ ચુકવણી માટે ઉત્તરદાયી નથી.

ચુકવણી કેવી રીતે કરશો ?

- બધી કંપનીઓ અને અન્ય કરદાતાઓ જેઓના ખાતા ઈન્કમટેક્ષ એક્ટ ૪૪ એબી હેઠળ ઓડીટ થવા પાત્ર છે તેઓ માટે અનિવાર્ય છે.
- ઈ-ચુકવણી બધા જ કરદાતા માટે સુવિધાજનક છે અને કરદાતા દ્વારા અપલોડ કરાયેલ ડેટાના આધાર પર યોગ્ય ક્રેડિટ સુનિશ્ચિત કરે છે.

ચુકવણી ક્યાં કરવાની છે ?

- ૩૦ માન્યતા પ્રાપ્ત બેંકોની નેટ બેકીંગ સુવિધાના માધ્યમથી ઈ-ચુકવણી.
- ૧૩ બેંકોના એ.ટી.એમ.
- પેપર ચલણ (આઈટીએનએસ ૨૮૦)ના માધ્યમથી કોઈ અધિકૃત બેંક શાખામાં

● અધિકૃત બેંક શાખાઓ ● ચલન પ્રપત્ર ● ઈ-ચુકવણી ● ચલન સ્થિતિની જાણકારી માટે www.incometaxindia.gov.in પર જાઓ

આવકવેરા વિભાગ
www.incometaxindia.gov.in

davp 15401/13/0061/1516


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com